જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૬/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી અને ૭૪ લીટર દેશી દારૂ, ૩૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૧૭૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૮/૧૬**

**ઘાટલોડીયા** : ઉમાકાંન્ત હરીરામ યાદવ (રહે,નાડેશ્વર બંગ્લોઝ, અમૃત વિદ્યાલયની બાજુમાં, ઘાટલોડીયા) એ તા.૧૨/૬/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૬/૧૬ રાતનાં ૮/૪૫ વાગ્યાના સુમારે ભુયંગદેવ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતેથી પોતાના કાકાના મોટા દિકરા વિજયકાંન્ત (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૯/૧૬**

**નરોડા** : ભુપેંદ્રસિહ મનહરસિહ પુવાર (રહે.મોહનનગર સોસાયટી, બંગ્લા સ્ટેન્ડની પાછળ, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૬/૧૬ સવારના ૧૦/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૬,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**રાણીપ** : **કામીનીબહેન ચેતનકુમાર પટેલ** (રહે.રાજ એપાર્ટમેન્ટ, બાલકૃષ્ણ રોડ, રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૬/૧૬ ના કલાક ૨/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૭૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૩,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મણીનગર : દેવકૃષ્ણભાઇ મંગળદાસ પરીખ** (રહે.ગોપાલકુંજ સોસાયટી, સરદાર પટેલ સ્કુલ પાસે, વલ્લભવાડી, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૬/૧૬ ના કલાક ૮/૦૦ થી સાંજનાં ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૯૦/૧૬**

**ઓઢવ** : સોનુબહેન વા\ઓ મહેશસિંગ શીરોમણીસિંગ (ઉ.વ.૨૨)(રહે.રેવાભાઇની ચાલી, રણછોડજીનાં મંદિર પાસે, રબારી વસાહત, ઓઢવ) તા.૧૧/૬/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં ઘરે દુધ ગરમ કરવા જતાં, પ્રાયમસની જાળ સાડીને લાગતાં સળગી જતાં, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૬/૧૬ ના કલાક ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૧/૧૬**

**“જી” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ હરેશભાઇ ધનશ્યામદાસ રિજવાણી (રહે.નીલકંઠવીહાર સોસાયટી, રવિદર્શન સોસાયટીની બાજુમાં, કુબેરનગર) એ “જી” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** તા.૧૨/૪/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાનો ભત્રીજો નરેશ જીવનરામ રિજવાણી (ઉ.વ.૩૦) (રહે.કૈલાસરાજ હાઉસ ફ્લેટ, કુબેરનગર) સરદારનગર કુબેરનગર ઇન્ડીકેપ સંત નિરાકારી હોલ નજીકથી પોતાની એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યો હતો દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે પોતાના ભત્રીજાનાં નરેશની એક્ટીવાને ટક્કર મારતાં, નરેશને ગંભીર ઈજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં જઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે “જી” ટ્રાફીક પોલીસે ગુનો નોધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)